# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાનું પુનઃ આગમન

## ઝરમર ઝરમર વરસાદ સાથે વરસાદી ઝાપટાથી મોડાસામાં પાણી ભરાયા

અરવલ્લી, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં છેલ્લા સપ્તાહથી વરસાદે વિરામ લીધા બાદ જિલ્લાના પ્રજાજનો.

અરવલ્લી જિલ્લામાં ગત સપ્તાહે ચોમાસામાં સારો વરસાદ થયા લઘુત્તમ તાપમાનમાં ૨ ડીગ્રી વધતા વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડક પ્રસરી હતી. હજુ પણ આકાશમાં બાયડ-૧૩૨, ધનસુરા-૨૦૧ એમ.એમ. ચાલુ ચોમાસાની સીઝનમાં વરસાદ નોંધાયો છે. જેમાં હાલની સપાટી ૧૫૩.૮૯ રહેતા સીંચાઈની ખેતી પર નિર્ભર રહેતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ





આજે ગુરૂવારે જિલ્લાના બધા તાલુકા ભીંજવ્યા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા પરંતુ વાદળો હાથ તાળી આપી હોય તેમ ઝરમર-ઝરમર વરસાદ અને એકાદી હેવી ઝાપટા સીવાય ભારે વરસાદથી વંચિત અરવલ્લી બાદ વરસાદે વિરામ લેતા જિલ્લાના વાતાવરણમાં અસહ્ય બફારો અને ઉકળાટ યથાવત રહેવા પામ્યો હતો. ગુરૂવારે જિલ્લા સહિત મોડાસામાં ઝરમરિયો અથવા ઝાપટા સાથે વરસેલા વરસાદે ઠંડક પ્રસરાવી હતી. વરસાદ પડતા મહત્તમ તાપમાન ૦.૩ તાપમાન ઘટ્યુ હતુ અને કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલા હોઈ આગામી દિવસોમાં પણ મુશળધાર વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી રહી છે. અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ૯૬૩ એમ.એમ. જેમાં મોડાસા તાલુકામાં ૧૮૪, ભીલોડામાં ૧૭૨, મેઘરજ-૧૪૬, માલપુર-૧૨૮, જિલ્લામાં સૌથી વધુ ધનસુરા તાલુકામાં ૮.૦૪ ઈંચ અને સૌથી ઓછો ૫.૧૨ ઈંચ માલપુર તાલુકામાં વરસાદ નોંધાયો છે.

ઉપરવાસમાં અને રાજસ્થાનમાં ચોમાસુ હજુ ના જામતા માઝૂમ ડેમમાં પાણીની નવી આવક નહિવત પ્રમાણમાં થતા હાલ ડેમની છે. અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમર-ઝરમર વરસાદથી જમીનોમાં ભેજનુ પ્રમાણ વધતા ખેડૂતો આ વરસાદને કાચા સોના રૂપી સમજી ખેતીની કામમાં જોતરાઈ ગયા છે. અને આગામી સમયમાં જિલ્લો વરસાદથી તરબોળ બને તેવી આશા સેવી રહ્યા છે.






## ધાનેરામાં સુન્ની મુસ્લિમ સમાજે પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવ્યા

ધાનેરા માં સુન્ની મુસ્લિમ સમાજ ધ્વરા પાકિસ્તાન મુર્દાબાદ ના નારા લગાવી અમરનાથ યાત્રાધામ થયેલ આતંકવાદ હુમલાને સખ્ખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. અમરનાથ યાત્રા ધામમાં ગુજરાત ની બસ પાર આતંકવાદીઓ ધ્વરા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ગુજરાત ના ૮ યાત્રિકો ના મોટ નિપજ્યા હતા અને ૧૫ જરતલા યાત્રિકો ઘાયલ થયા હતા જેને લઈ સમગ્ર ગુજરાત માં સખ્ખત શબ્દોમાં વખોડી કાઢ્યો છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સુન્ની મુસ્લિમ જમાત ધ્વરા પાકિસ્તાન મુર્દાબાદ ના નારા લગાવી આ ઘટના ને સખ્ખત શબ્દોમાં વખોડી કાઢી હતી અને વિશાલ રેલી યોજી ધાનેરા પ્રાંત અધિકારી ને આવેદન પત્ર આપી આતંકવાદીઓ ને તાત્કાલિક ઝડપી પડી કાયદેસર ની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પાકિસ્તાન એ એક મુસ્લિમો નો દેશ છે છતાં પણ ભારત માં રહેતા મુસ્લિમોએ પાકિસ્તાન મુર્દાબાદ ના નારા લગાવી પાકિસ્તાને કરેલા કાળા કામને સખ્ખત શબ્દોમાં વખોડી કાઢ્યો છે.

## ગોતા દૂધ મંડળીના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા તાલુકાના ગોતા ગામની દૂધ ઉત્પાદક મંડળીમાં નવીન



હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સેવા મંડળીના ચેરમેન હિતેન્દ્રસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને મળેલી સભામાં ચેરમેન તરીકે પટેલ જયેશભાઈ નટવરભાઈ તથા વાઈસ ચેરમેન તરીકે તરાર કિરણભાઈ વિરાભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ચેરમેન તથા વાઈસ ચેરમેનને ચૌહાણ દિલિપસિંહ, નરેન્દ્રસિંહ ચૌહાણ તથા સેક્રેટરી સજ્જનસિંહ ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતા.

## રોટરી-રોટરેક્ટ ક્લબ ઓફ પાલનપુરના ૨૦૧૭-૧૮ના હોદ્દેદારોનો શપથ ગ્રહણ વિધિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર , તા. ૧૩

પાલનપુર શહેર માં વિવિધ સેવાકીય પ્રવૃતીઓ થકી આગવી ઓળખ ઉભી કરનાર રોટરી-રોટરેક્ટ ક્લબ ઓફ પાલનપુરના ખાતે યોજાયેલા શપથ ગ્રહણ વિધિ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૬ -૧૭ દરમ્યાન કરાયેલ કામગીરી , પ્રોજેક્ટોનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ષ




૨૦૧૭-૧૮ ના નવા પ્રમુખ-મંત્રી સહીત હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો.રવિવારે સાંજે રોટરી હોલ ૨૦૧૭-૧૮ ના રોટરી ક્લબ ના નવા વરાયેલા પ્રમુખ રોટે.મેહુલભાઈ પટેલ મંત્રી.રોટે કમલેશભાઈ પટેલ જયારે રોટરેક્ટ ક્લબ ના નવા વરાયેલા પ્રમુખ રોટ્રે.વિશાલ ગોહિલ મંત્રી.રોટ્રે અંકિત મોદી અને તેમની ટીમને સમારોહ ના ઈન્સ્ટોલેશન ઓફિસર પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર રોટે લલિત શર્મા દ્વારા શપથ લેવડાવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન ને પણ રોટરી દ્વારા થતા વિવિધ સેવાકીય કાર્યો ની મનમુકીને પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં પણ આથી પણ વધારે સુંદર કાર્યો આ સંસ્થા દ્વારા થતા રહે એ માટે શુભેચ્છા પાઠવી હતી. .આ શપથગ્રહણ સમારોહમાં રોટરી ના પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર રોટે લલિત શર્મા, આસીટન્ટ ગવર્નર રોટે મફતલાલ ફોસી, સહીત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, રોટરી ક્લબ તેમજ રોટરેક્ટ ક્લબ ના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવા વરાયેલા પ્રમુખ-મંત્રી ને અભિનંદન આપી પાલનપુર શહેરનું નામ રોટરી ઈન્ટરનેશનલ માં પણ ઉજળું કરો તેવી શુભેચ્છા પાઠવી હતી.

## ગોતા સેવા સહકારી મંડળીના હોદ્દેદાર વરાયા

ખેડબ્રહ્મા તાલુકાના ગોતા ગામની સેવા સહકારી મંડળીમાં ગત ટર્મ પૂર્ણ થતા નવીન હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

જેમાં સાધુ ભીખાભાઈના



અધ્યક્ષસ્થાને મળેલ મીટીંગમાં સર્વાનુમતે હિતેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણને ચેરમેન તરીકે તથા વાઈસ ચેરમેન જીવાભાઈ માંણભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. જેથી મંડળીના સેક્રેટરી શેનાભાઈ મોનાભાઈ તરાર તથા કારોબારી સભ્યો હિરાભાઈ લવજીભાઈ પટેલ, લીલાભાઈ સવજીભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.




## મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ કડીમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ૧૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ વિશ્વ વસ્તી દિન ઉજવવામાં આવ્યો. 'ભારતમાં વસ્તી વિસ્ફોટ એક સમસ્યા' આ વિષય સંબંધે વસ્તી વૃદ્ધિના જુદા જુદા પાસાઓ ઉપર ૩૫ જેટલી કોલેજની વિદ્યાર્થિનીઓએ પોતાના વિચારો રજુ કરી ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં પ્રથમ નંબરે પ્રજાપતિ પ્રિતી સેમ.-૫, દ્વિતીય સ્થાને મકવાણા દક્ષા સેમ.-૧ અને તૃતીય નંબરે દરજી અંજલી સેમ.-૫ વિજયી બન્યા હતા. દરેક સ્પર્ધકોને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. અર્થશાસ્ત્ર વિભાગના વડા અને કોલેજના આચાર્ય ડૉ. હિનાબેન પટેલે તેમજ અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ. સંગીતાબેન આચાર્ય, પ્રા .જી. આઈ. મારૂએ ભારતમાં વસ્તીની ગંભીર સમસ્યા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.સમગ્ર કાર્યક્રમ પ્રિ.ડૉ. હિનાબેનના સુયોગ્ય માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

## હિંમતનગર સીનીયર સીટીજન એસોસીએશનના હોદ્દેદારો

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરમાં ચાલતા સીનીયર સીટીજન એસોસીએશનની તાજેતરમાં વાર્ષિક સભા મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૭-૧૯ના હોદ્દેદારોની




વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે શંકરભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ પરમાર, મધુકર ખમાર, સોમભાઈ પટેલ, ચીફ સેક્રેટરી તરીકે ગીરીશ ત્રિવેદી, સેક્રેટરી તરીકે રામભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી તરીકે જસવંતભાઈ ત્રિવેદી, જશુભાઈ મોદી, ટ્રેઝરર રમેશભાઈ જોષી, સોભાબેન જૈન, મહેન્દ્રભાઈ જૈનનો સમાવેશ થાય છે.

# મોડાસાના હજીરા વિસ્તારમાં કડિયા કામ કરતા આધેડને વીજકરંટ લાગતા ઘટનાસ્થળે મોત

## દુકાનની છત પર લટકતા મૃતદેહને જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા : મૃતક મોડાસાના ભોઈ સમાજના હોવાથી ભોઈ સમાજમાં શોકની લાગણી

મોડાસા, તા. ૧૩

મોડાસાના હજીરા વિસ્તારમાં આવેલી હોટલ નેશનલ નજીક દુકાનમાં કડીયાકામ કરતા ધાબા પર પ્લાસ્ટર કરતા અચાનક બાજુમાંથી પસાર થતી હેવી જતા ગુરૂવારે સાંજના સુમારે બાજુમાંથી પસાર થતી હેવી વીજ લાઈન તાર સાથે શરીરનો ભાગ અડકી જતા વીજકરંટ લાગતા રસિકભાઈ ભોઈ છત પર જ લટકી પડ્યા હતા અને હેવી વીજકરંટ શરીરમાં ઉતરી વિજલાઈનને શરીરનો ભાગ અડકી જતા વીજકરંટ શરીરમાં ઉતરી જતા ધાબાની છત પર જ કરૂણ મોત નિપજ્યું હતું. વીજકરંટ લાગતા ધડાકાથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મૃતક ભોઈ સમાજના અગ્રણી હોવાથી ભોઈ સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી. પરિવારજનોએ ભારે આક્રંદ કરતા વાતાવરણ શોકમય બન્યું હતું.




મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં રહેતા અને ભોઈ સમાજના અગ્રણી રસિકભાઈ પી. ભોઈને કડીયાકામ દરમિયાન વીજકરંટ લાગતા ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. મોડાસાના હજીરા વિસ્તારમાં આવેલી નેશનલ હોટલની નજીક આવેલી દુકાનોમાંથી એક દુકાન કે.કે. એજન્સી નામની દુકાનનુ ધાબાની બહારની છત પર પ્લાસ્ટર કરવા જતા ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. વીજકરંટની ઘટનાની જાણ થતા પોલીસતંત્ર ઘટનાસ્થળે ધસી આવી મૃતકના મૃતદેહને છત પરથી નીચે ઉતારી પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રના કર્મચારીઓ છ મહિનાથી વેતનથી વંચીત

ભિલોડા,તા.૧૩

ભિલોડા વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રના કર્મચારીઓ છ મહિનાથી વેતનથી વંચીત બનતાં જીવન નિર્વાહ ચલાવવા માટે હાલત કફોડી બનવા પામી છે.ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુંકવામાં આવી છે ત્યારે ગુજરાત રાજ્યના આદિજાતિ વિભાગ સંચાલિત ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ છેલ્લા છ માસથી વેતનથી વંચીત બનતાં કર્મચારીઓના પરીવારજનોની હાલત અત્યંત દયનીય છે.

ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ આઈ. આઈ. ખેરડા, એસ. એસ. પાંડવ સહિત કર્મચારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આદિજાતિ વિભાગ સંચાલિત ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્ર છેલ્લા ૨૦ વર્ષથી ચાલે છે. વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રમાં ફરજ બજાવતા ૨૦ જેટલા ફિક્સ પગારદારોને ગ્રાન્ટના અભાવે છેલ્લા છ માસથી વેતન નહી ચુંકવવામાં આવતા કર્મચારીઓમાં ભારે અસંતોષની લાગણી વ્યાપી છે. મધ્યમવર્ગીય કર્મીઓને ઘર ખર્ચ અને બાળકોને ભણાવવાની ફી,સામાજીક પ્રસંગો, બિમારી સહિતના ખર્ચાઓ માટે પહોંચી વળવા રીતસરના ફાંફા મારવા પડે છે. છેલ્લા ૨૦ માસથી ગ્રાન્ટ ન હોવાના કારણે વેતન મળતુ નથી ત્યારે બીજી બાજુ સરકાર ધ્વારા કરોડોના ખર્ચે વિવિધ મેળાઓ કરી રહી છે ત્યારે મધ્યમવર્ગીય કર્મચારીઓની સ્થિતી પગાર વગર કફોડી બની છે.ભિલોડામાં વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રના ૧૦ કર્મચારીઓએ ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિતમાં રજુઆત કરી કર્મચારીઓએ આપવીતી જણાવી હતી. છેલ્લા છ માસથી ગ્રાન્ટ ન મળતી હોવાના કારણે વેતન ન મળતું હોવાના કારણે અસહ્ય કાળઝાળ મોંઘવારીમાં કર્મચારીઓના પરીવારજનોની હાલત કફોડી બની છે. ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રના કર્મચારીઓ ધ્વારા રાજ્યના આદિજાતિ વિકાસ બોર્ડમાં વારંવાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધીમાં પરીણામ મળેલ નથી. ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રના કર્મચારીઓની સત્વરે પગાર આપવા પ્રબળ લોકમાંગણી છે. ભિલોડા વ્યવસાયલક્ષી તાલિમ કેન્દ્રના કર્મચારીઓના પગાર છેલ્લા છ મહિનાથી ગ્રાન્ટના અભાવે અટક્યા છે ત્યારે પગારથી વંચીત કર્મચારીઓના પરીવારજનોની હાલત અત્યંત દયનીય છે.

# પ્રાંતિજ ખાતે મૃત્યુ પામેલ અમરનાથ દર્શનાર્થીઓને શ્રધ્ધાંજલી કાર્યક્રમ

પ્રાંતિજ, તા. ૧૩

અમરનાથ યાત્રીઓ ઉપરના હુમલાને લઈને ઠેર- ઠેર વિરોધ થઈ રહ્યો છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ યાત્રા બસ ઉપર આતંકવાદીઓ દ્વારા અંધાધૂંધ ગોરીબાર કરી સાત અમરનાથ દર્શનાર્થીઓના મોત નિપજાવતા ગુજરાત સહિત ગૃપ, વેપારીઓ, સામાજિક કાર્યકરો સહિત પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને ઉપસ્થિત



નગરજનો દ્વારા વિરોધ કરી મૃતકોને શ્રધ્ધાંજલી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

અમરનાથયાત્રાએથી દર્શન કરીને પરત ફરી રહેલ ગુજરાતની દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યાં છે. ત્યારે પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડ ખાતે રાત્રીનાં સમયે બીન રાજકીય કાર્યક્રમ યોજાયો હતો અને હિન્દુ-મુસ્લિમ સહિત જાયન્ટસ લોકોએ પાકિસ્તાન વિરોધી સુત્રોચ્ચારો કરી મૃત્યુ પામેલ સાત અમરનાથ યાંત્રિકોને બે મીનીટ માટે મૌન પાડી કેન્ડલ સળગાવીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

## વિશ્વ વસ્તી દિવસની ઉજવણી ૧૫મીએ કરાશે

વસ્તી વધારો વિશ્વની ગંભીર સમસ્યા છે, જેને નિયંત્રણમાં રાખવા તથા લોકોમાં જાગૃતિ લાવવા ૧૧ જુલાઈના રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે.જે અંતર્ગત મહેસાણા શહેરમાં ૧૫ જુલાઈ ૨૦૧૭ને શનિવારના રોજ બપોરે ૧૪-૦૦ કલાકે ભીમનાથ હોલ,ભીમનાથ મહાદેવ મંદિર અંબાજી મંદિર પાસે,પરા વિસ્તાર મહેસાણા ખાતે સાસંદ જયશ્રીબહેન પટેલની અધ્યક્ષતામાં યોજાનાર છે.

## પ્રાંતિજના સોનાસણ ગામે યુવાનનુ રહસ્યમય મૃત્યુ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સોનાસણ પાસે આવેલ નીયો ઈસ્પાલ પ્રા.લી કંપનીમાં કામ કરતો યુવાનનું કંપનીની ઓરડીમાં રાત્રીના સમયે મોત નિપજતાં રાજનશા સીતારામસા જયસ્વાલની ફરીયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સોનાસણ પાસે આવેલ નીયો ઈસ્પાલ પ્રા.લી કંપનીમાં કામ કરતો પુથ્વી નાથમુંડા જાડીમુંડા રાત્રીનાં સમયે કંપનીની ઓરડીમાં સુઈ ગયો હતો પણ સવારે ના ઉઠતાં તેનું મરણ થયાંની જાણ થતાં ફરીયાદી રાજનશા સીતારામા જયસ્વાલ રહે. કાટવાડ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી અને કોઈ અગમ્ય કારણોસર મરણ થયું હોવાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.